RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૬૩ તા.૧૭–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળ :–૧. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)
૨. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
૩. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
૪. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
૫. ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વોચ એન્ડ વોર્ડ વિભાગ)
૬. ડીન અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર હો.)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સફાઈ કામદાર વરાછાઝોન (૧)ગામીત નટવરભાઈ હોળીયાભાઈ કર્મ. નં. ૧૩૭૬૮ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૨) સફાઈકામદાર સ્મીમેર હોસ્પિટલ ડોડીયા રમેશકુમાર મહેશભાઈ કર્મ. નં.૩૨૩૫૨નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૩) કલીનર વેસ્ટઝોન પટેલ કમલેશ ખુશાલભાઈ કર્મ. નં. ૧૯૯૯૫ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૪) સફાઈ કામદાર ઈસ્ટઝોન ખેર કલ્પેશભાઈ દયારામ કર્મ. નં.૧૬૯૬૮નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૫)કલીનર સા.ઝો બાબરીયા રાજેશકુમાર બાવનજી કર્મ. નં.૧૯૯૭૩નું હેવીવ્હીકલ લાયસન્સની માહિતી (૬) રાઠોડ ઈન્દ્રજીત રતિલાલ–સફાઈ કામદાર સા.ઝોન કર્મ. નં. ૧૬૮૦૫નું હેવીવ્હીકલ લાયસન્સની માહિતી (૭) સોલંકી ભૂપેન્દ્ર જેકીશનદાસ સફાઈ કામદાર સા.ઝોન કર્મ. નં.૧૯૨૭૨નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતીની નકલ આપવા વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૩/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સફાઈ કામદાર વરાછાઝોન (૧)ગામીત નટવરભાઈ હોળીયાભાઈ કર્મ. નં. ૧૩૭૬૮ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૨) સફાઈકામદાર સ્મીમેર હોસ્પિટલ ઢોડીયા રમેશકુમાર મહેશભાઈ કર્મ. નં.૩૨૩૫૨નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૩) કલીનર વેસ્ટઝોન પટેલ કમલેશ ખુશાલભાઈ કર્મ. નં. ૧૯૯૯૫ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૪) સફાઈ કામદાર ઈસ્ટઝોન ખેર કલ્પેશભાઈ દયારામ કર્મ. નં.૧૬૯૬૮નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૫)કલીનર સા.ઝો બાબરીયા રાજેશકુમાર બાવનજી કર્મ. નં.૧૯૯૭૩નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૬) રાઠોડ ઈન્દ્રજીત રતિલાલ–સફાઈ કામદાર સા.ઝોન કર્મ. નં. ૧૬૮૦૫નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૭) સોલંકી ભૂપેન્દ્ર જેકીશનદાસ સફાઈ કામદાર સા.ઝોન કર્મ. નં.૧૯૨૭૨નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતીની નકલ આપવા વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વોચ એન્ડ વોર્ડ વિભાગ)ના પત્ર નં. વોચ એન્ડ વોર્ડ નં.૬૨૫ તા. ૧૧–૧૧–૧૧, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ / આઉટ / ૫૪૩૫, ૫૮૦૫ તથા ૬૧૨૫ અનુક્રમે તા. ૧૪–૧૧–૧૧, તા.૨૯–૧૧–૧૧, તા.૧૩–૧૨–૧૧થી અસત્ય અને અધુરી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૯૪ તા.૨૭–૧–૧૨ થી ૧. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ૨. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ૩. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ૪. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ૫. ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વોચ એન્ડ વોર્ડ વિભાગ) ૬. ડીન અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર હો.) તથા અરજદારને અસત્ય અને અધુરી માહિતીના દાવા અંગે આધાર સહ, મુદ્દાવાર, પક્ષકાર જાહેર માહિતી અધિકારીદીઠ રજુઆત કરવા તથા નિર્દિષ્ટ અપીલમાં રમેશ ઢોડીયાનું લાયસન્સનો પુરતો અભ્યાસ તેમણે કરેલ છે કે કેમ ? COV, LMV, MCWG, PSVBUS, TRANS ની વિગત ધ્યાને લઈ અપીલની રજુઆત છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ ના પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/૮૯૦ તા.૨–૨–૧૨ થી મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૧૬૨ તા.૩૦–૯–૧૧ થી કાર્યપાલક

ઈજનેર નોર્થઝોન, લિંબાયત ઝોન,ઉધનાઝોન તથા મુખ્ય કારોબારી અધિકારી સુડા ને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સ્મીમેર ના પત્ર નં.સ્મીમેર/આરટીઆઈસેલ/૨૮૬૮ તા.૩–૧૧–૧૧ થી વિલંબથી તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૨ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન,કતારગામઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, ડીનશ્રી સ્મીમેર હોસ્પીટલને સમય મર્યાદામાં તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને વોચ એન્ડ વોર્ડ નં.૬૨૫ તા.૧૧–૧૧–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની નકલ, એકનોલેજમેન્ટ પહોંચની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૩૩ તા.૩૧–૧–૧૨ થી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૨ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન,કતારગામઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, ડીનશ્રી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૬૮ તા.૧૯–૧૧–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની નકલ, શ્રી કમલેશ કે. પટેલના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ, રજી.એડી. પહોંચની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.નોર્થઝોન/આ./ ૭૮૨૧ તા.૭–૨–૧૨ થી નોંધ વિભાગ, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૩૮૩ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોન, વરાછાઝોન, તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, ઈન. નં.૩૬૦ તા.૨૧–૯–૧૧ સેન્ટ્રલઝોન તરફથી તા.૨૦–૯–૧૧ ની અરજી તબદીલ કરેલ પત્રની નકલ, તા.૨૦–૯–૧૧ ની મુળ અરજી, પત્ર નં.એન.ઝેડ/આ./૫૪૩૫ તા.૧૪–૧૧–૧૧ થી અરજદારને ફી ભરી માહિતી મેળવવા સમય અવધિમાં આપેલ પત્રની નકલ, અરજદારને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/ આઉટ/૫૮૦૫ તા.૨૯–૧૧ –૧૧ થી નકલ નંગ–૩ નાં રૂા.૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા પાઠવેલ યાદપત્ર–૧ ની નકલ, અરજદારે તા.૩–૧૨–૧૧ ના રોજ દસ્તાવેજી ફી રૂા.૬/– સેન્ટ્રલઝોન ખાતે ભરેલ તેની જાણ કરતા પત્રની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ./૬૧૨૫ તા.૧૩–૧૨–૧૧ થી અરજદારને માહિતી પુરી પાડેલ પત્રની નકલ, અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૨ ના પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર હોસ્પીટલના પત્ર નં.સ્મીમેર/આ./૪૦૩૨ તા.૨–૨–૧૨ થી પત્ર નં. સ્મીમેર/આરટીઆઈ સેલ/૨૮૬૮ તા.૩–૧૧–૧૧ થી વોચએન્ડ વોર્ડ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.વોચ એન્ડ વોર્ડ /૬૨૫ તા.૧૧–૧૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૨ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન,કતારગામઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, ડીનશ્રી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૩ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોન, વરાછાઝોન, તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સ્મીમેર હોસ્પીટલના પત્ર નં. સ્મીમેર/ આરટીઆઈ સેલ/ ૨૮૬૮ તા.૩–૧૧–૧૧ થી વોચએન્ડ વોર્ડ વિભાગને મુદ્દા નં.૧ માં ક્રમાંક–૨ માટે તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડના પત્ર નં.વોચ એન્ડ વોર્ડ /૬૨૫ તા.૧૧–૧૧–૧૧ થી અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૬૮ તા.૧૯–૧૧–૧૧ થી અરજદારને સમય મર્યાદામાં નકલ ચાર્જીસ રૂા.૨/– ભરી માહિતી મેળવવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ./આ./૬૧૨૫ તા.૧૩–૧૨–૧૧ થી અરજદારને માહિતીની નકલ નંગ–૩ પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં. (૧) સફાઈ કામદાર વરાછાઝોન (૧)ગામીત નટવરભાઈ હોળીયાભાઈ કર્મ. નં. ૧૩૭૬૮ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૨) સફાઈકામદાર સ્મીમેર હોસ્પિટલ ઢોડીયા રમેશકુમાર મહેશભાઈ કર્મ. નં.૩૨૩૫૨ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૩) કલીનર વેસ્ટઝોન પટેલ કમલેશ ખુશાલભાઈ કર્મ. નં. ૧૯૯૯૫ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૪) સફાઈ કામદાર ઈસ્ટઝોન ખેર કલ્પેશભાઈ દયારામ કર્મ. નં.૧૬૯૬૮નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૫)કલીનર સા.ઝો બાબરીયા રાજેશકુમાર બાવનજી કર્મ. નં.૧૯૯૭૩ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૬) રાઠોડ ઈન્દ્રજીત રતિલાલ–સફાઈ કામદાર સા.ઝોન કર્મ. નં. ૧૬૮૦૫ નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતી (૭) સોલંકી ભૂપેન્દ્ર જેકીશનદાસ સફાઈ કામદાર સા.ઝોન કર્મ. નં.૧૯૨૭૨નું હેવી વ્હીકલ લાયસન્સની માહિતીની નકલ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી મુદ્દા નં.૧ પેટા મુદ્દા નં.૨ ની માહિતી સંદર્ભે વોચ એન્ડ વોર્ડ વિભાગમાં કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ અન્વયે શ્રી રમેશભાઈ મહેશભાઈ ઢોડીયા (કર્મ.નં. ૩૯૦૪૮) ની નિમણુંક કરવામાં આવેલ છે. તેના લાયસન્સની વિગત DL NO.GJ 19 199700099194 DOI 10/3/1997 ની ઝેરોક્ષ નકલ પુરી પાડેલ. તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પુરક વિગતના તા.૨–૨–૧૨ ના પત્રમાં શ્રી રમેશભાઈ મહેશભાઈ ઢોડીયા (કર્મ.નં.૩૯૦૪૮) સ્મીમેર હોસ્પીટલ ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. તેમને ડે.કમિશનર (પ.અનેઈ.) ના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૧૭ તા.૫–૬–૦૯ મુજબ ડ્રાઈવર તરીકે વોચ એન્ડ વોર્ડ વિભાગમાં નિમણુંક થતા સ્મીમેર હોસ્પીટલ થી છુટા થયેલ છે. તેવુ જણાવેલ.
જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી ૧(૩) વેસ્ટઝોનના કલીનર પટેલ કમલેશભાઈ ખુશાલભાઈ હેવી વ્હીકલ લાયસન્સની માહિતી નકલ દીઠ રૂા.૨/– પ્રમાણે રૂા.૨/– (અંકે રૂા. બે પુરા) નકલ ચાર્જીસ ભર્યેથી મળી શકશે તેવુ સમય અવધિમાં જણાવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી નાણાં ભરપાઈ કરી માહિતી મેળવ્યા અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

મુદ્દા નં.(૨) અમો અરજદારે તા.૨૧–૯–૧૧ ના રોજ આરટીઆઈ એકટ ૨૦૦૫ ની અરજી આઈ.ડી. નં. ૩૬૦ થી એડી.સીટી ઈજનેર નોર્થઝોન કતારગામને કરેલ જે આરજીની નકલ આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી તા.૨૧–૯–૧૧ ના રોજ આઈ.ડી. નં.૩૬૦ થી નોર્થઝોન (કતારગામ) ખાતે નોંધાયેલ અરજીની

નકલ મેળવવા નકલ દીઠ રૂા.ર/– લેખે કુલ –૩ નકલના રૂા.૬/– ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે. તેવુ પત્ર નં.એન.ઝેડ/આ/પ૪૩પ તા.૧૪–૧૧–૧૧ થી સમય અવધિમાં જણાવેલ. ત્યારબાદ અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ./પ૮૦પ તા.ર૯–૧૧–૧૧ થી દસ્તાવેજી ફી ભરપાઈ કરી માહિતી મેળવવા યાદપત્ર –૧ થી જણાવવામાં આવેલ. અરજદારે તા.૩–૧ર–૧૧ ના રોજ ર.નં.૯ર૯૦૦ થી રૂા.૬/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કરેલ તેની જાણ કરેલ. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એન.ઝેડ/આ./૬૧રપ તા.૧૩–૧ર–૧૧ થી માહિતી નકલ નંગ–૩ પુરી પાડવામાં આવેલ.

વધુમાં અરજદારના તા.રપ–૧૧–૧૧ ના પત્ર અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એન.ઝેડ/આ./૬૪૯૦ તા.ર૮–૧ર–૧૧ ના પત્રથી અરજદાર ધ્વારા સેન્ટ્રલઝોન ખાતે તા.ર૦–૯–૧૧ નાં રોજ આરટીઆઈ એકટ ર૦૦પ નાં નિયમ ૩(૧) મુજબની નમુનો–'ક' માં અરજી કરવામાં આવેલ જે અરજી સેન્ટ્રલઝોન ખાતે આઈ.ડી. નંબર ૮૭૪ ઈનવર્ડ કરવામાં આવેલ જે અરજી નમુનો 'ખ'માં કાર્યપાલક ઈજનેરશ્રી અને મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલઝોન ધ્વારા નોર્થ ઝોન ખાતે નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૯૪ તા.ર૧–૯–૧૧ થી તબદીલ કરવામાં આવેલ. જે નોર્થઝોન ખાતે આઈ.ડી.નંબર–૩૬૦ તા.ર૧–૯–૧૧ થી નોંધવામાં આવેલ. તેવી સ્પષ્ટતા કરેલ. તથા અરજદારને રૂબરૂ સંપર્ક કરી સ્પષ્ટતા મેળવી લેવા પણ પ્રસ્તાવ કરેલ છે.

મુદ્દા નં.(૩) અમો અરજદારે તા.ર૩–૯–૧૧ ના રોજ આરટીઆઈ એકટ ર૦૦પ ની અરજી આઈ.ડી. નં.૪૯ર થી પી.આઈ.ઓ એડી.સીટી ઈજનેર વરાછાઝોનને કરેલ અરજીની નકલ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાતુ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વોચ એન્ડ વોર્ડ વિભાગ)ના પત્ર નં. વોચ એન્ડ વોર્ડ નં.૬રપ તા. ૧૧–૧૧–૧૧, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ / આઉટ / પ૪૩પ, પ૮૦પ તથા ૬૧રપ અનુક્રમે તા. ૧૪–૧૧–૧૧, તા.ર૯–૧૧–૧૧, તા.૧૩–૧ર–૧૧થી અસત્ય અને અધુરી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૭–૧–૧ર ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના તા.૧૧–૧૧–૧૧ પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/૬રપ થી સદર ડ્રાઈવર રમેશભાઈ મહેશભાઈ ઢોડીયા કર્મચારી નં.૩૯૦૪૮ ફોર વ્હીલ લાયસન્સ લાઈટ વ્હીકલનું છે.જયારે જાહેરાતમાં હેવી વ્હીકલના ડ્રાઈવરોની ડીમાન્ડ કરવામાં આવેલ છે. આ ડ્રાઈવરને પી.ઓ. (મહેકમ)ના પ્રત્યુત્તરમાં ડ્રાઈવરનો વ્હીકલ નંબર અને ઝોનની પણ માહિતી બોગસ આવેલ છે. પી.ઓ (મધ્યસ્થ મહેકમ) બોગસ માહિતી આપવામાં માહિર છે. સદર ડ્રાઈવર હેવી વ્હીકલનું લાયસન્સ ધરાવતો ન હોવાથી નિમણુંકમાં ગેરરીતી કરવામાં આવેલ છે. તેવી રજુઆત કરેલ તથા જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોને તા.૧૪–૧૧–૧૧ થી નં.પ૪૩પ થી રૂા.૬/– ભરવાનું જણાવેલ તે મુજબ તા.૩–૧ર–૧૧ ના રોજ ફી ભરી દીધેલ ત્યારબાદ તા.૧૩–૧ર–૧૧ ના પત્ર નં.એન.ઝેડ/આ.૬૧રપ તથા ૬૧ર૬ થી પણ બોગસ અસત્ય માહિતી પાઠવેલ છે. તેવી રજુઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી તેમના તા.રપ–૯–૧૧ ના પત્ર અનુસંધાને સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી મુદ્દા નં.૧ બાબતે કોઈ માહિતી પુરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં આપેલ લાયસન્સ અંગે **LMC ,MCWG, PSV BUS** વિગેરે અંગેના અભ્યાસ અંગે કોઈ પુરક વિગતો, પક્ષ રજુ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૧–૧ર ધ્યાને લેતાં ૧પ–ર–૧ર સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧–૩–૧ર સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ર૦૧ર દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ (૪) તથા મુદ્દા નં.૩ ની જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા મુદ્દા નં.૧ (૫,૬,૭)ની જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નહીં પુરી પાડવામાં આવેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા અનુક્રમે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

અરજદારને લાઈસન્સ બાબતેની માહિતી પુરી પાડેલ છે પરંતુ તે અંગેના તકરારને લગતા પ્રશ્ન અંગે તકરાર અને ફરીયાદ નિવારણના સક્ષમ અધિકારીને રજુઆત કરવા સ્વતંત્ર છે.

જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.૬૪૯૦ તા.૨૮–૧૨–૧૧ થી અરજદારને કરેલ પ્રસ્તાવ અંગે અરજદાર જાહેર માહિતી અધિકારી નોર્થઝોનનો સંપર્ક કરી સ્પષ્ટતા સહ માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) તત્કાલીન જાહેર માહિતી અધિકારી ૧. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ૨. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ૩. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ૫. ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વોચ એન્ડ વોર્ડ વિભાગ) ૬. ડીન અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર હો.) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ એન.બથવાર,